# પાલનપુર આર.ટી.ઓ કચેરી પર લાયસન્સ-બેઝ કઢાવવા આવેલ અરજદારોએ હોબાળો મચાવ્યો

પાલનપુર તા. ૨૭

પાલનપુર ખાતે આવેલ આરટીઓ કચેરીમા એસટી વિભાગમાં બસ કંડકટર ભરતીને લઈ બેરોજગાર યુવાનો કંડકટરની નોકરી મેળવવા લાયસન્સ બેઝ કઢાવવા ઉમટી રહ્યા છે. જ્યા આરટીઓ અધિકારીએ પાડતા ઉમેદવારોએ ભારે હોબાળો મચાવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.આ અંગે વધુ વિગતો આપતા બનાસકાંઠા જિલ્લાના સંવાદાતા હરેશ જી .જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે,

ગુજરાત એસ.ટી નિગમમાં




બસ કંડકટરોની જગ્યા ભરવા માટે સરકાર દ્વારા એસ. ટી કંડકટરની ભરતી જાહેર કરી છે જોકે કંડકટરની ભરતીમાં આર.ટીઓનો લાયસન્સ બેઝ ફરજીયાત હોય બનાસકાંઠા જિલ્લાના અનેક બેરોજગાર યુવાનો તેમજ યુવતીઓ કંડકટરની નોકરી મેળવવા માટે લાયસન્સ બેઝ કઢાવવા પાલનપુર આર. ટી.ઓ કચેરી ખાતે ઉમટી રહ્યા છે જોકે આરટીઓ કચેરીમા અત્યાર સુધી અન્ય વ્યક્તિના નામે ખરીદેલ સ્ટેમ્પ પર અરજદાર નું સોગાંધનામુ ચલાવી દેવામાં આવતું હતું પરંતુ બુધવારે આરટીઓ અધિકારી કે.એસ.બારોટ અરજદારે ખરીદેલ સ્ટેમ્પ પર તેનું સોગંધનામુ હોય તેવા ઉમેદવાર ના લાયસન્સ બેઝ કાઢવામાં આવતા અને અન્ય વ્યક્તિના નામે ખરીદેલ સ્ટેમ્પ પર કરેલ સોગંધનામુ ફરી તેમના નામનાં સ્ટેમ્પ પર કરાવવાનું જણાવવામાં આવતા દૂર દૂર થી આવતા ઉમેદવારોને ફરી સોગંધનામાં પાછળ ખર્ચ કરવાની નોબત આવતા રોષે ભરાયા હતા અને આરટીઓ કચેરીમાં હોબાળો મચાવી આરટીઓ કચેરીમાં ઉમેદવારોને યેનકેન પ્રકારે હેરાન કરવામાં આવતા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા .

અરજદારો પાસે તેમના નામનો જ નોટરી કરેલ સ્ટેમ્પ વાળા અરજદારોને લાયસન્સ બેઝ કાઢવામાં આવતા અને અન્ય વ્યક્તિએ ખરીદેલ સ્ટેમ્પ પર નોટરી કરેલ હોય અરજદારોને નવી નોટરી કરાવવાની ફરજ

## શિક્ષિત લોકો સાથે રુ ૭૩.૨૫ લાખની ઓનલાઈન છેતરપીંડી

# સાબરકાંઠા જિલ્લામાં ત્રણ વર્ષમાં ૩૧ લોકો સાયબર ક્રાઈમનો શિકાર

## ગુના શોધતી સાયબર ટીમે ૧૨ ગુનાનો ભેદ ઉકેલી રુ ૨.૩૨ લાખની રીકવરી કરી



બાયડ, તા.૨૭

સાયબર ક્રાઈમ ગુનામાં ઉછાળો આવ્યા પછી સાબરકાંઠા જિલ્લામાં અલગથી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની સ્થાપના કરવામાં આવી છે. પાછલા ૩ વર્ષમાં ડિઝીટલ યુગનો આરોપીઓએ ભરપુર ફાયદો ઉઠાવી સાબરકાંઠામાં ૩૧ લોકોને નિશાન બનાવી રુ ૭૩,૨૫,૦૦૦ની છેતરપીંડીના ગુના નોંધાયા હતા. જેમાંથી પોલીસે ૧૨ ગુનાના ભેદ ઉકેલી રુ ૨,૩૨,૨૦૦ની રકમ રીકવર કરી કેટલાક આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલ્યા છે પરંતુ જ્યાં સુધી પ્રજા જાગૃત નહીં બને ત્યાં સુધી સાયબર ક્રાઈમ રેટ અટકાવવો પોલીસ માટે પણ મુશ્કેલ છે.

મનુષ્યનો સ્વભાવ એવો છે કે સસ્તુ મળતું હોય તો લાલચને બ્રેક મારી શકતો નથી અને તેનું પરિણામ એ આવે કે છેવટે છેતરાઈ જવાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી સોશ્યલ મીડીયાના માધ્યમથી શેર બજારમાં રોકાણ કરી ગણતરીના દિવસોમાં કરોડપતિ બની જવું, ટેલિગ્રામ ચેનલ ઉપર ક્રિકેટની ઓનલાઈન ટીમો બનાવી છેતરપીંડી, ફેસબુક આઈ.ડી. ઉપર શેરબજારમાં રોકાણ કરાવી સારુ વળતર આપવાની લોભામણી જાહેરાત, વિડીયો કોલ કરી અશ્લિલ ચેષ્ટા સાથે ગુપ્તભાગ બતાવી પૈસા પડાવવાનું ષડયંત્ર, ફેંક વેબસાઈટ દ્વારા ફ્રેન્ચાઈજી આપી લખપતિ બનાવવા જેવા સ્વપ્નો દેખાડી સુશિક્ષિત ગઠીયાઓ અનેક લાલચુ શિક્ષિત લોકોને તેમનો શિકાર બનાવી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, વડાલી, અને તેના ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ લોકો સાયબર ક્રાઈમનો શિકાર બન્યા છે. સાબરકાંઠા જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસનું માનીએ તો ગત વર્ષની તુલનામાં આ વર્ષે સાયબર ક્રાઈમ રેટ ઘટ્યો છે. છેતરપીંડીનો ભોગ બનેલા લોકોને પોલીસ સ્ટેશનમાં શાંતિથી સાંભળ્યા પછી પોલીસ દ્વારા વિવિધ સર્વેલન્સ અને તેમના અનુભવના આધારે ગઠીયાઓને ઝડપી લેવાની કામગીરી થતી હોય છે પરંતુ તેમાં સફળતાનું પ્રમાણ બહુ ઓછું હોય છે. કારણ કે સોશ્યલ મીડીયાથી થયેલા ફ્રોડના તાર દેશ ઉપરાંત વિદેશમાં પણ કેટલાક કિસ્સાઓમાં જોડાયેલા હોય છે છતાં સાબરકાંઠા સાયબર ક્રાઈમ પોલીસે પાછલા ૩ વર્ષમાં ૩૮ ટકાથી વધુ ગુનાના ભેદ ઉકેલ્યા છે.

### સાયબર ક્રાઈમથી બચવા સ્કૂલ-કોલેજોમાં સેમીનારો

સાબરકાંઠા સાયબર ક્રાઈમ પી.આઈ., એસ.એન.કરંગીયા, હેડકોન્સ્ટેબલ અમિત રબારીએ જણાવ્યું કે સાયબર ક્રાઈમનો ભોગ બનનારા લોકોએ હેલ્પલાઈન નંબર-૧૯૩૦નો સંપર્ક કરવો કારણ કે તે પોર્ટલ રાત્રે પણ મદદ કરતું હોય છે અને ઘણા બધા કિસ્સાઓમાં બેક્રોમાં પૈસા હોલ્ડ થઈ ગયેલા છે. સાયબર ક્રાઈમથી બચવા માટે સ્કુલ-કોલેજો સહિત અન્ય વિસ્તારોમાં ટીમ દ્વારા સેમીનારો કરવામાં આવે છે જેથી સાયબર ક્રાઈમ છેતરપીંડીનું પ્રમાણ ઘટાડી શકાય.

### સાયબર ક્રાઈમનો શિકાર

ગત તા.૨૨ ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન હિંમતનગરમાં ફરિયાદ નોંધાવેલ જેમાં ફરિયાદીના ફેસબુક આઈ.ડી. ઉપર શેર બજારમાં રોકાણ કરી સારુ વળતર મેળવો તેવી જાહેરાતમાં અલગ અલગ બેક્રોમાં પૈસા ટ્રાન્સફર કરાવી રુ ૧૮,૧૮,૮૦૦ની ઓનલાઈન છેતરપીંડી થઈ હતી જેમાંથી પોલીસે આરોપીઓને મોબાઈલ સાથે પકડી ૨ મોબાઈલ તથા રુ ૫૦ હજાર રોકડા મળી માત્ર રુ ૫૨,૫૦૦નો મુદ્દામાલ રીકવર કર્યો. ગત તા. ૧ ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ નોંધાયેલી ફરિયાદમાં ફરિયાદીને ટેલિગ્રામ ચેનલ ઉપર ક્રિકેટની ઓનલાઈન ટીમો બનાવી પ્રથમ રેંક મેળવી જીતાડી પૈસા કમાવવાની લાલચમાં અલગ અલગ બેક્રોમાંથી રુ ૧,૫૦,૨૦૦ ટ્રાન્સફર કરાવ્યા અને તેમાંથી ટીમે ઉત્તરપ્રદેશની ગેંગના આરોપીઓને ઝડપી ૩ મોબાઈલ તથા રુ ૧,૫૦,૨૦૦ મળી કુલ રુ ૧,૫૩,૨૦૦ રીકવર કર્યા હતા.

# બનાસકાંઠા જિલ્લા સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા આવેદન પાઠવાયું

## સરકારી કર્મચારીઓએ જુની પેન્શન યોજના શરૂ કરવાની માંગ કરી



પાલનપુર તા. ૨૭

બનાસકાંઠા જિલ્લા સંયુક્ત કર્મચારી મોરચો દ્વારા જૂની પેન્શન યોજના ચાલુ કરવા આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે.જેમાં જિલ્લા સંયુક્ત મોરચાનાકન્વીનર સંજય દવેની આગેવાની હેઠળ પાલનપુર ખાતે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી જૂની પેન્શન યોજના ચાલુ કરવાની માંગ કરાઈ છે . આ અંગે વધુ વીગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લા ના સંવાદ દાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લા સંયુક્ત કર્મચારી મોરચો બનાસકાંઠા દ્વારા જિલ્લાના ધારાસભ્ય, સંસદ સભ્ય તેમજ જીલ્લા કલેકટર વરૂણ બરનવાલને જિલ્લાના તમામ મંડળના પ્રમુખ મંત્રી અને હોદ્દેદારોની ઉપસ્થિતિમાં આવેદન પત્ર આપવામાં આવ્યું જેમાં તા. ૧-૪-૨૦૦૫ પહેલા ભરતી થયેલ કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા અંગે સરકાર દ્વારા સમાધાન માં અપાયેલ વચન તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવા તેમજ સી. પી. એફ. કપાતમાં સુધારો જેવી વિવિધ રજૂઆતો બાબતે સમગ્ર રાજ્ય વ્યાપી કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા માં આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

# અરવલ્લીમાં ૨૦૦૦ હેક્ટર પપૈયાની ખેતીમાં રોગચાળાનો ખતરો....!!!!

બાયડ, તા.૨૭

અરવલ્લી જિલ્લામાં ૨૦૦૦ હેક્ટર જમીનમાં પપૈયાનું વાવેતર થયું છે ત્યારે કેટલાક વિસ્તારોમાં પપૈયાના પાન કહોવાઈજવા, પીળા પડી જતાં રોગચાળો વકરવાની દહેશત ઉભી થતાં બાગાયત ખેતી કરનારા ખેડૂતો ચિંતિત જણાઈ આવ્યા છે. કૃષિ તજજ્ઞોએ ફંગીસાઈડ રોગ હોવાનું જણાવ્યું છે પરંતુ જિલ્લા બાગાયત અધિકારીએ છોડ પાસે પાણી ભરાઈ જવું તથા નિંદામણ ન કરવાના કારણે પાન પીળાં થયાં છે કોઈ રોગચાળો ન હોવાનું જણાવ્યું છે. જિલ્લામાં પાછલા દાયકામાં બાગાયત પાકોનું વાવેતર વધ્યું છે. જ્યારે પપૈયાની ખેતીમાંથી ખેડૂતો સારુ વળતર મેળવતા થયા છે. અરવલ્લી જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મોડાસા, ભિલોડા તાલુકામાં પપૈયાંનું અંદાજીત ૨૦૦૦ હેક્ટર વાવેતર થયું છે. આ વર્ષે અતિશય વરસાદ જુલાઈ સુધી જોવા મળ્યો. હાલ વરસાદની અછત છે છતાં ધનસુરા તાલુકાના વડાગામ પંથકમાં પપૈયાના પાકમાં રોગચાળો વકર્યાની આશંકા સેવાય છે પરંતુ અરવલ્લી જિલ્લા બાગાયત અધિકારી ભાવિકભાઈ કરપટીયાએ જણાવ્યું કે આ કોઈ રોગચાળો નથી જેથી ખેડૂતોએ ચિંતા કરવી નહીં. ખેડૂતોએ રાખવાની સાવધાની : અરવલ્લી બાગાયત ખેતી અધિકારીએ જણાવ્યું કે પપૈયાના પાકમાં પાણી ભરાઈ રહેવાથી થડના કહોવાટનો રોગ લાગુ પડે છે. આનાથી બચવા થડ ફરતે જમીનમાં ૫૦ થી ૬૦ સેમી ઉંચાઈ સુધી બૉર્ડો પેસ્ટ લગાવવું(૧ કિલો મોરથૂંથું અને ૧ કિલો કડીચૂનો) ચોમાસા દરમ્યાન નિયમિત નિંદામણ કરવું, પપૈયાના પાકમાં વિવિધ રોગનો ફેલાવો, થ્રીપ્સ અને વ્હાઈટ ફલાયથી જોવા મળે છે જેના માટે શોષક પ્રકારની દવાઓનો ઉપયોગ કરવો હિતાવહ છે.



# પ્રાંતિજમાં અંબર્ટો સિરામિક કંપની દ્વારા સાદોલીયા પ્રાથમિક શાળાના બાળકોને તિથિ ભોજન કરાવ્યું





પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગલતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ કંપની દ્વારા સાદોલીયા ગામે આવેલ પ્રાથમિક શાળાના બાળકોને તિથિ ભોજન સાથે રમત ગમતની કિટ તથા ભણતરની કિટ આપી. પ્રાંતિજના ગલતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ કંપની દ્વારા પ્રાંતિજ ના સાદોલીયા ગામે આવેલ સાદોલીયા પ્રાથમિક શાળાના બાળકોને ભણતર ની કીટ આપવામા આવી હતી જેમા બેગ , નોટબુક , કંપાસ , પેન્સિલ સહિત ની કિટ આપવામા આવી હતી તો શાળાના બાળકોને ભણતર ની કીટ સાથે રમત-ગમત મા પણ આગળ વધે તે હેતુ થી રમત-ગમત ના સાધનોની વિવિધ કિટ પણ આપવામા આવી હતી તો શાળાના બાળકો ને તિથી ભોજન પણ આપવામા આવ્યુ હતુ તો કંપનીના અધિકારીઓ દ્વારા બાળકોને જાતે ભોજન પિરસ્યુ હતુ તો શાળાના બાળકો ને સ્વાદિષ્ટ ભોજન તથા ભણતર ની કિટ અને રમત-ગમત ના સાધનો મળતા તેવોના ચહેરા ઉપર સ્મિત જોવા મળી હતી તો આ પ્રસંગે કંપની પ્રેસિડન્ટ ઓપરેશન ધમેન્દ્ર જાની, જરનલ મેનેજર એચ આર આર.કે.દાસ, જી.એમ ટેકનીકલ એસ.સતિષ કુમાર , જી.એમ પ્રોડકશન વાય.રવિન્દ્ર , અંકિત કુમાર , વિશ્વેશ્વર ગોસ્વામી , સરપંચ દિવાનસિંહ રાઠોડ , શાળાના આચાર્ય પ્રકાશ ભાઈ સહિત કંપનીનો સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો સમગ્ર કાર્યક્રમ નુ સુંદર આયોજન આર.કે.દાસ દ્વારા કરવામા આવ્યુ હતુ.

# અરવલ્લી ધનસુરાના કેયુ શાહ નેશનલ એવોર્ડ જીતેલી ફિલ્મના ભાગ બન્યા

## તેઓએ ફિલ્મમાં સંવાદ લખ્યા હતા : ધનસુરા ગામના યુવા સ્ક્રિપ્ટ રાઇટર કેયુ શાહની અનોખી સિધ્ધિ



ધનસુરા, તા. ૨૭

ધનસુરા ગામના યુવા સ્ક્રિપ્ટ રાઈટર કેયુ શાહ એ અનોખી સિધ્ધિ મેળવી છે.૬૯ મા નેશનલ એવોર્ડ માં બેસ્ટ ગુજરાતી ફિલ્મ નો એવોર્ડ જીતેલ ફિલ્મ છેલ્લો શો માં ધનસુરા ના કેયુ શાહ એ સંવાદ લખ્યા હતા.ફિલ્મો માત્ર મનોરંજન જ પૂરું પાડતી નથી, અવારનવાર એ આપણા સમાજ ને અરીસો પણ દેખાડવાનું કામ કરતી હોય છે.એટલે જ ભારત સરકાર દર વર્ષે આવી ગુણવત્તા માં શ્રેષ્ઠ ફિલ્મો ને રાષ્ટ્રીય પુરસ્કાર થી સન્માનિત કરે છે. ફિલ્મ ના સર્જન ને શીખવતી ગુજરાતી ફિલ્મ છેલ્લો શો ના સંવાદ લેખક કેયુ શાહ ની નેશનલ એવોર્ડ વિનિંગ યાત્રા ત્યારે ૬૯ માં નેશનલ એવોર્ડ ની જાહેરાત કરવામાં આવી. ગુજરાતી ભાષામાં બનેલી અને દેશ વિદેશ માં ગાજેલી દિગ્દર્શન પાન નલિન ની " છેલ્લો શો " ને " બેસ્ટ ગુજરાતી ફિલ્મ " નો અતિ પ્રતિષ્ઠિત પુરસ્કાર મળ્યો.અચરજ ની વાત એ છે કે કાઠિયાવાડ માં આકાર લેતી આ ફિલ્મ ના અમુક છેડા અરવલ્લી જિલ્લા ના ધનસુરા ગામ સાથે પણ જોડાયેલા છે."છેલ્લો શો" ના સંવાદ લખવાની જવાબદારી ધનસુરા ગામ ના યુવા સ્ક્રિપ્ટ રાઈટર કેયુ શાહ ને સોંપવામાં આવી હતી.ફિલ્મ માં સામાન્ય ફિલ્મો ની તુલનામાં માં ખુબ જ જૂજ સંવાદ હોવા છતાં એમના કામ ની નોંધ લેવાઈ હતી." મારે ફિલમ બનવું છે " , "ભણો અને ભાગો" જેવા સહજ પણ ઊંડા સંવાદો એ પ્રેક્ષકો ના મન પર છાપ છોડી હતી.અગાઉ કેયુ શાહ એ કામ કરેલી ફિલ્મો " રોંગ સાઈડ રાજુ " અને " હેલ્લારો" ને પણ નેશનલ એવોર્ડ મળી ચૂકયાં છે, આમ ત્રણ - ત્રણ નેશનલ એવોર્ડ જીતેલી ફિલ્મો ના ભાગ બન્યા હોય તેવા જૂજ લોકો માં કેયુ એ સ્થાન પ્રાપ્ત કર્યુંછે અને પોતાના ગામનું નામ ઉજળું કર્યું છે.

# બુટલેગરે અલ્ટો કારમાં લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ મંગાવ્યો : શામળાજી પોલીસે ખેપ નિષ્ફળ બનાવી



મોડાસા, તા. ૨૭

અરવલ્લી SP શૈફાલી બારવાલના આગમન પછી જીલ્લા પોલીસતંત્રને જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગ પરથી વિવિધ વાહનો મારફતે રાજ્યમાં વિદેશી દારૂ ઠાલવતા બુટલેગરો પર શખ્ત કાર્યવાહીના આદેશ આપવામાં આવ્યા છે પોલીસતંત્રએ બુટલેગરો પર બાઝ નજર ગોઠવી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી રહી છે અમદાવાદના નરોડામાં રહેતા અભય નામના બુટલેગરે રાજસ્થાનના ઠેકા પરથી વિદેશી દારૂ મંગાવતા અલ્ટો કારમાં દારૂ ભરી ખેપ આપવા નીકળેલા બે ખેપિયાને શામળાજી પોલીસે પીછો કરી ખેપ નિષ્ફળ બનાવી હતી.

શામળાજી પોલીસે જાબચિતરીયા વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરતા બોબીમાતા આંતરરાજ્ય સરહદ પરથી શંકાસ્પદ ઝડપ સાથે આવતી અલ્ટો કાર પોલીસજીપ જોઈ કાર ચાલકે ફુલસ્પીડે રિવર્સ કરી કાર રાજસ્થાન તરફ હંકારતા શામળાજી પોલીસે ફિલ્મીઢબે પીછો કરતા બુટલેગરે રસ્તાની સાઈડમાં ઝાડ સાથે અથડાવી દેતા અલ્ટો કાર અટકી ગઈ હતી કારમાં રહેલા બંન્ને બુટલેગરો ભાગવા લાગતા પોલીસે કોર્ડન કરી દબોચી લીધા હતા કારમાંથી વિદેશી દારૂ-બિયર ટીન નંગ-૨૦૩ કીં.રૂ. ૧૨૪૬૯૫/- નો જથ્થો જપ્ત કરી કાર ચાલક બુટલેગર દિનેશ કેશુંલાલ મીણા અને ભવાની ચીમનલાલ નંગારચી (બંને,રહે.રાજસ્થાન) ને જેલના સળિયા પાછળ ધકેલી દઈ વિદેશી દારૂ,મોબાઈલ અને કાર મળી રૂ.૪.૨૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કારમાં વિદેશી દારૂ ભરી આપનાર મોહિત શર્મા (ઓલવાડીયા-રાજસ્થાન) કાર માલિક અશોક કલાલ (રહે, સલુમ્બર-રાજસ્થાન) અને કારમાં દારૂ મંગાવનાર અમદાવાદ નરોડામાં રહેતા અભય નામના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ત્રણેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા



ખેરોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો નંગ-૧૬૨૦ કિં.રૂ.૧,૧૯,૩૫૨/-તથા સફેદ કલરની સ્કોર્પીઓ ગાડી નંબર-GJ-27-AA-4682 મળી કુલ કિં.રૂ.૮,૧૯,૩૫૨/- નો મુદ્દામાલ કબજે કરી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ કરી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.